ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૨૦ ઓક્ટોબર, ૨૦૨૬

## લાખણપોર એટલે પ્રાચીન ઇતિહાસ અને આધુનિક વિકાસનો અદભૂત સંગમ, ગામના વિકાસનો પાયો આશરે ૪૦૦ વર્ષ પહેલાં નંખાયો હતો

ભારતનો ઇતિહાસ અનેક વિચરતી જાતિઓના યોગદાનથી સમૃદ્ધ છે અને તેમાં વણઝારા સમુદાયનું નામ ખૂબ જ આદરપૂર્વક લેવામાં આવે છે. વણઝારા એક વિચરતી જાતિ હોવાથી તેઓ પોતાની જરૂરિયાત અને લોકકલ્યાણની ભાવનાને ધ્યાનમાં રાખીને ઠેકઠેકાણે વાવ, કૂવા અને તળાવોનું નિર્માણ કરતા હતા. આ જળસ્ત્રોતો માત્ર તેમના માટે જ નહીં, પરંતુ ત્યાંથી પસાર થતા અન્ય વટેમાર્ગુઓ માટે પણ આશીર્વાદરૂપ બનતા હતા. પીવાના પાણીની વ્યવસ્થા ઉપરાંત તેઓ રાતવાસો કરવા અને થાક ઉતારવા માટે ધર્મશાળાઓ પણ બનાવતા હતા. આજે પણ સમગ્ર ભારત વર્ષમાં વણઝારાઓ દ્વારા નિર્મિત અનેક સ્થાપત્યો અડીખમ ઊભાં છે. જ્યાં જળ અને આશરો મળતો, ત્યાં ધીમે ધીમે માનવ વસતીનો વસવાટ શરૂ થતો અને તેમાંથી જ નવાં ગામોનો ઉદભવ થતો. પલસાણા તાલુકાનું આવું જ એક ઐતિહાસિક અને પ્રગતિશીલ ગામ એટલે લાખણપોર, જેનો પાયો આશરે ૪૦૦ વર્ષ પહેલાં નંખાયો હતો.

## વર્ષો પહેલાં લાખા વણઝારાએ વસાવેલું પલસાણા તાલુકાનું ગામ

# લાખણપોર




### ગાયકવાડી શાસનની ભેટ અને સુઆયોજિત માળખું



લાખણપોર ગામનો એક સૌથી મોટો મુદ્દો એ રહ્યો છે કે તે ભૂતકાળમાં વડોદરાના ગાયકવાડી સ્ટેટનો હિસ્સો હતું. ગાયકવાડ શાસકો તેમના સુશાસન અને પ્રજાલક્ષી આયોજનો માટે જાણીતા હતા. આ રાજવી પરિવારના શાસન હેઠળ હોવાથી ગામનો વિકાસ શરૂઆતથી જ ખૂબ આયોજનબદ્ધ રીતે થયેલો જોવા મળે છે. રસ્તાઓ, રહેઠાણ અને પ્રાથમિક સુવિધાઓની રૂપરેખા ગાયકવાડી સમયથી જ સુવ્યવસ્થિત હતી. આઝાદીના સંગ્રામ સમયે પણ આ વિસ્તાર ગાયકવાડી શાસન હેઠળ હોવાને કારણે અહીંના ગ્રામજનોએ કોઈ મોટા સંઘર્ષ કે હાલાકીનો સામનો કરવો પડ્યો ન હતો અને સત્તાનું હસ્તાંતરણ ખૂબ જ શાંતિપૂર્ણ રીતે થયું હતું. સરભોણ-વેસ્મા રોડ પર સ્થિત આ ગામમાં પ્રવેશતાની સાથે જ એક અત્યંત સુંદર અને કલાત્મક પ્રવેશદ્વાર મુલાકાતીઓનું સ્વાગત કરે છે. આ ભવ્ય પ્રવેશદ્વાર વટાવતા જ પાકા અને સ્વચ્છ રસ્તાઓ જોવા મળે છે. આ રસ્તાઓની બંને બાજુએ ઘટાદાર લીલાંછમ વૃક્ષો જોવા મળે છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ આ વૃક્ષોની છાયા નીચેથી પસાર થતાં આંખોને ટાઢક અને મનને શાંતિનો અનુભવ થાય છે. પર્યાવરણ પ્રત્યેની આ સજાગતા ગામની સુંદરતામાં અનેકગણો વધારો કરે છે.

### આધુનિક સુવિધાઓ અને આદર્શ ગામ તરફની આગેકૂચ



કોઈપણ ગામનો વિકાસ તેના નેતૃત્વ અને ગ્રામજનોની એકતા પર આધારિત હોય છે. લાખણપોર ગામનાં સરપંચ ભાવનાબેન ભરતભાઈ પટેલ, ઉપસરપંચ છીતુભાઈ સુખાભાઈ રાઠોડ અને ગામના તલાટી કમ મંત્રી અજીતસિંહ ડાભીની ત્રિપુટી ગામના વિકાસ માટે અથાક પ્રયત્નો કરી રહી છે. પંચાયતની આખી ટીમની મહેનત અને કામ કરવાની ધગશને કારણે ગામ આજે પ્રગતિના નવા સોપાન સર કરી રહ્યું છે. પાટીદાર સમાજના ઘણા પરિવારો આજે વિદેશમાં સ્થાયી થયા છે. આ પરિવારો પોતાની માતૃભૂમિને ભૂલ્યા નથી અને વખતોવખત ગામનાં વિકાસ કાર્યોમાં પોતાનો નોંધપાત્ર ફાળો આપતા રહે છે. ગામમાં થયેલાં મોટા ભાગનાં માળખાગત કાર્યો સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને ગ્રાન્ટમાંથી જ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યાં છે. ગામના રસ્તાઓને સીસી રોડ અને ડામર રોડમાં પરિવર્તિત કરવામાં આવ્યા છે. સુરક્ષાના ભાગરૂપે સમગ્ર ગામમાં સીસીટીવી કેમેરાનું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે. સ્વચ્છતા અને આરોગ્ય જાળવવા માટે અદ્યતન ગટર લાઇન અને જાહેર સ્થળો પર પેવર બ્લોક નાંખવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ગામના તલાટી કમ મંત્રી અજીતસિંહ ડાભીનો સ્પષ્ટ ધ્યેય છે કે, લાખણપોરને તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ એક 'આદર્શ ગામ' તરીકે પ્રસ્થાપિત કરવું. ગામમાં તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ હોય તે જ દિશામાં વહીવટી તંત્ર આગળ વધી રહ્યું છે. મોટા ભાગનાં વિકાસ કાર્યો પૂરા થઈ ચૂક્યાં છે અને આગામી દિવસોમાં ગામની સુંદરતામાં વધુ વધારો થાય તેમજ ગ્રામજનોની નાની-મોટી તમામ સમસ્યાઓ કાયમ માટે દૂર થાય તે માટેના સઘન પ્રયાસો અવિરત ચાલુ રહેશે. લાખા વણઝારાના ઐતિહાસિક વારસાને સાચવીને, ગાયકવાડી શાસનના શિસ્તબદ્ધ પાયા પર ઊભેલું લાખણપોર આજે એક આધુનિક, સમૃદ્ધ અને આદર્શ ગ્રામ્ય જીવનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. ઐતિહાસિક કોટની મજબૂતીની જેમ જ આ ગામના લોકોની એકતા અને વિકાસ કરવાની ધગશ ભવિષ્યમાં લાખણપોરને નવી ઊંચાઈઓ પર લઈ જશે.



મહિલા સરપંચ



ભરતભાઈ પટેલ



તલાટી કમ મંત્રી અજીતસિંહ ડાભી

### લાખણપોર ગ્રામ પંચાયત બોડી

- સરપંચ-ભાવનાબેન ભરતભાઈ પટેલ
- ઉપસરપંચ-છીતુભાઈ સુખાભાઈ રાઠોડ
- સભ્યો-ભૂપેન્દ્રભાઈ દયારામભાઈ મિસ્ત્રી
- જ્યોતિબેન દિનેશભાઈ રાઠોડ
- ઇલાબેન વનાળીભાઈ પટેલ
- હિતેશભાઈ રમેશભાઈ રાઠોડ
- જ્યોત્સનાબેન મયુરભાઈ હળપતિ
- સરોજબેન અજયભાઈ રાઠોડ
- ભરતભાઈ નરસિંહભાઈ પટેલ
- તલાટી કમ મંત્રી-અજીતસિંહ જામસંગજી ડાભી

### કૃષિ, પશુપાલન અને આર્થિક વ્યવસ્થા

અંદાજિત ૧૦૬૬ જેટલી વસતી ધરાવતા આ નાનકડા ગામનું અર્થતંત્ર મુખ્યત્વે કૃષિ, ખેતમજૂરી અને પશુપાલન પર નિર્ભર છે. વ્યવસાયિક વહેંચણીની વાત કરીએ તો, ગામના વડીલ ભરતભાઈ પટેલના જણાવ્યા મુજબ પાટીદાર સમાજ મોટા ભાગે ખેતીવાડી સાથે સંકળાયેલો છે. હળપતિ સમાજના પરિવારો મુખ્યત્વે ખેતમજૂરી અને પશુપાલનના વ્યવસાય સાથે જોડાઈને પોતાનું ગુજરાન ચલાવે છે. જ્યારે પ્રજાપતિ સમાજના લોકો નોકરી અને અન્ય વ્યવસાયો પર નિર્ભર છે. ખેતીમાં આ ગામ ઘણું સમૃદ્ધ છે. અહીંની ફળદ્રુપ જમીનમાં શેરડી, કેળાં, સૂરણ, પપૈયાં, કેરી તેમજ વિવિધ પ્રકારના શાકભાજીનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે. સિંચાઈ માટે નહેર અને બોરવેલની સુવિધા ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને સામાન્ય રીતે કોઈ મોટી અગવડ પડતી નથી. જોકે, છેલ્લાં બે વર્ષથી વરસાદ ખેંચાવાને કારણે અને જળસ્તર નીચે જવાના કારણે અન્ય ગામોની જેમ લાખણપોરના ખેડૂતોને પણ સિંચાઈના પાણીની થોડી તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ખેતપેદાશોના વેચાણ માટે ખેડૂતો ખૂબ જ વ્યવહારુ અભિગમ અપનાવે છે. નજીકમાં બારડોલી અને નવસારી જેવા મોટા બજારો ઉપલબ્ધ હોવા છતાં, અહીંના ખેડૂતો પોતાનો માલ વેચવા માટે છેક સુરતની એપીએમસી (APMC) માર્કેટમાં જવાનું પસંદ કરે છે, કારણ કે સુરતમાં તેમને તેમના ઉત્પાદનોના ખૂબ સારા અને પોષણક્ષમ ભાવો મળે છે જે તેમની આર્થિક સ્થિતિને મજબૂત બનાવે છે.






### ગામમાં આવેલું લક્ષ્મણેશ્વર મહાદેવ પવિત્ર મંદિર ભક્તોની આસ્થાનું કેન્દ્ર

લાખણપોર ગામમાં આવેલું લક્ષ્મણેશ્વર મહાદેવ મંદિરમાં સ્વયંભૂ શિવલિંગ ગ્રામજનોના આસ્થાનું પ્રતીક છે. થોડા સમય પહેલા જ ગ્રામજનોએ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ગામના નામ પરથી જ મંદિરનું નામકરણ લક્ષ્મણેશ્વર મહાદેવ રાખવામાં આવ્યું હોવાનું ગામના વડીલોએ જણાવ્યું હતું. ઉપરાંત ગામમાં ગામના પાદરે ભવાની માતાનું મંદિર અને હળપતિવાસમાં ભાથીજી મહારાજનું મંદિર આવેલું છે.



### એનઆરઆઈઓનો ગામના વિકાસમાં અમૂલ્ય ફાળો

ગામના પટેલ ફળિયાના મૂળ વતની એવા 30 પરિવાર અમેરિકા અને ૨૫ પરિવાર લંડનમાં કાયમી ધોરણે સ્થાયી થયા છે. વિદેશમાં વસવાટ કરવા છતાં આ તમામ પરિવારો પોતાની માતૃભૂમિ સાથે અતૂટ નાતો ધરાવે છે. તેઓ ગામનાં વિવિધ વિકાસ કાર્યોમાં પોતાનો કીમતી આર્થિક ફાળો આપીને માદરે વતનનું ઋણ અદા કરતા આવ્યા છે.

### ગામની વસતીવિષયક માહિતી (2011)

મહિલા - 526
પુરુષ - 540
કુલ - 1066
સાક્ષરતા દર (2011)
પુરુષ - 72%
મહિલા - 65%
કુલ - 68%

### ગામનાં ફળિયાં

કોટ ફળિયું
પટેલ ફળિયું
મંદિર ફળિયું
તળાવ ફળિયું
પાદર ફળિયું
જૂનો કુંભારવાડ
હિરાવાડી
નવો કુંભારવાડ
હળપતિવાસ
10 ગાળા હળપતિવાસ
15 ગાળા
18 ગાળા
60 ગાળા